આપણું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૨૫ | ૬ એપ્રિલ, ૨૦૧૪, રવિવાર; ચૈત્ર સુદ - ૭ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

સોગંધ ખાવા પડે ત્યારે સમજો કે તમારા સંબંધમાં શ્રદ્ધા ખુટી ગઇ છે
- મનુસ્મૃતિ

અડવાણીની ગાંધીનગર બેઠક પર ઉમેદવારી

મુખ્યમંત્રી મોદી, મહેસુલ મંત્રી આનંદીબેન પટેલ, મેયર મહેન્દ્રસિંહ રાણા તેમના નામની દરખાસ્ત રજુ કરી

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર સંસદીય મતવિસ્તારમાંથી ૬ઠ્ઠીવાર પ્રતિનિધિત્વ કરવા માટે ભાજપના શ્રી લાલકૃષ્ણ અડવાણીએ આજે જિલ્લા કલેક્ટર શ્રી ડી. પી. સ્વરૂપ સમક્ષ ચાર સેટમાં પોતાનું ઉમેદવારી નોંધાવી છે.

શ્રી લાલકૃષ્ણ અડવાણીએ રજુ કરેલા ચાર સેટમાં એક સમર્થક તરીકે મુખ્યમંત્રીશ્રી નરેન્દ્ર મોદી, બીજા સેટમાં મહેસુલ મંત્રી શ્રીમતિ આનંદીબેન પટેલ, ત્રીજા સેટમાં ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર શ્રી મહેન્દ્રસિંહ રાણા અને સાણંદના એક કાર્યકર શ્રી ઠાકોરે દરખાસ્ત કરી છે.

આજે બપોરે ૧.૨૯ મિનિટે શ્રી અડવાણી મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદી અને ભાજપના વરિષ્ટો શ્રી ઓમ માથુર, પ્રદેશ પ્રમુખ શ્રી આર.સી. ફળદુ, શ્રી પુરૂષોત્તમ રૂપાલા, દિલ્હીના પીન્કી આનંદ, મહેસુલ મંત્રી શ્રીમતી આનંદીબેન પટેલ, મેયરશ્રી મહેન્દ્રસિંહ રાણા, સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન શ્રી આશિષ દવે સહિતના આગેવાનો સાથે આવી પહોંચ્યા હતા.

શ્રી અડવાણીએ બરાબર ૧.૩૫ મિનિટે તેમનું ઉમેદવારી પત્ર ચૂંટણી અધિકારી સમક્ષ રજુ કર્યું હતુ.

(તસવીર : દિપક જાની)

આ વખતે તેમની સાથે દિકરી પ્રતિભા અડવાણી પણ ઉપસ્થિત રહ્યા હતા.

શ્રી અડવાણીએ ફોર્મ રજુ કર્યા બાદ ઉમેદવાર તરીકેના શપથ હિન્દી ભાષામાં લીધા હતા.

તેમણે ચૂંટણી અધિકારી શ્રી સ્વરૂપ સાથે હસ્તધૂનન કરી આભારની લાગણી વ્યક્ત કરી હતી.

શ્રી અડવાણી ગાંધીનગર

● અનુસંધાન પાન-૭ પર

ભાજપના આગેવાનો કલેક્ટર કચેરી નીચે જ ઉભા રહી ગયા..!!

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર કલેક્ટર કચેરીમાં આજે ભાજપના શ્રી લાલકૃષ્ણ અડવાણી ઉમેદવારી નોંધાવવા આવ્યા ત્યારે ઉમેદવાર માત્ર પાંચ જ સમર્થકને સાથે લઈ જઈ શકશે તેવા પંચના નિર્ણય અને નિર્દેશોને પગલે ભાજપના પ્રદેશ આગેવાનો કલેક્ટર કચેરીની નીચે જ ઉભા રહી ગયા હતા.

શ્રી અડવાણી સાથે પ્રદેશ પ્રભારી શ્રી ઓમ માથુર, પૂર્વ સાંસદ શ્રી પુરૂષોત્તમ રૂપાલા, પ્રદેશ પ્રમુખ શ્રી આર.સી. ફળદુ ઉભા હતા. ત્યાં જ પાછળથી દિલ્હી ભાજપના પ્રવક્તા પીન્કી આનંદ પણ જોડાયા હતા. તેઓ શ્રી અડવાણીના દિકરી પ્રતિભા અડવાણી સાથે આવ્યા હતા. પ્રતિભા અડવાણી કલેક્ટર કચેરીમાં ગયા હતા.

જો કે આ વખતે મેયર શ્રી રાણા, સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન શ્રી આશિષ દવે, શ્રી કેતન પટેલ, શ્રી કૌશિકભાઈ પટેલ સહિતના આગેવાનો પણ નીચે ઉભા રહી ગયા હતા.

શ્રી અડવાણી ફોર્મ ભરી પરત આવ્યા ત્યારે ભારત માતા કી જયના નારા ગુંજયા હતા. જો કે પત્રકારો રાહ જોઈને ઉભા હતા પરંતુ મુખ્યમંત્રી મોદી કે શ્રી અડવાણી કોઈએ પણ વાત કર્યાવિના જ રવાના થયા હતા.

(તસવીર : દિપક જાની)

લાલકૃષ્ણ અડવાણીની આઠ કરોડની મિલ્કતો

ચૂંટણી અધિકારી સમક્ષ રજુ કરેલ એફિડેવીટ

ગાંધીનગર, તા. ૫

ભાજપના શ્રી લાલકૃષ્ણ અડવાણીએ તેમની પાસે રૂ. ૭ કરોડ ૯૯ની સ્થાવર અને જંગમ મિલ્કત હોવાનું આજે ચૂંટણી અધિકારી સમક્ષ રજુ કરેલ એફિડેવીટમાં જણાવ્યું છે.

શ્રી અડવાણી અને શ્રીમતિ કમલા અડવાણી પાસે અનુક્રમે રૂ. ૯૭,૨૩,૩૨૩ અને રૂ. ૬૪,૧૩,૯૫૩ની ફિક્સ ડિપોઝીટ હોવા ઉપરાંત ગાંધીનગરમાં એક પ્લોટ તેમજ ગુડગાંવમાં બે ફ્લેટ હોવાનું દર્શાવ્યું છે. જેની કિંમત રૂ. ૫ કરોડથી વધુ છે.

આ ઉપરાંત ૪૦ લાખની કિંમતની જ્વેલરી હોવાનું પણ આ એફિડેવીટમાં જણાવાયું છે. શ્રી અડવાણીએ પોતાની પાસે રોકડા ૨૫ હજાર અને શ્રીમતિ કમલા અડવાણી પાસે રૂ. ૧૬ હજાર રોકડા હોવાનું પણ આ સોંગદનામામાં જણાવ્યું છે.

તેમણે પોતાની ઉપર ૧ કેસ કોર્ટમાં ચાલતો હોવાનું પણ દર્શાવ્યુ છે.

કોંગ્રેસે જુનાગઢના ઉમેદવાર બદલ્યા હવે, પુંજાભાઈ વંશ ચૂંટણી મેદાનમાં

અગાઉ જૂનાગઢમાંથી જશુભાઈ બારડને ટિકિટ આપવામાં આવી હતી : રાતોરાત કોંગ્રેસ હાઈકમાન્ડે નિર્ણય બદલ્યો

અમદાવાદ, તા.૫

લોકસભાની ચૂંટણી જેમ જેમ નજીક આવતી જાય છે તેમ તેમ દરેક પાર્ટી પોતાના વ્યૂહરચના બદલી રહી છે. કોંગ્રેસે વધુ એક કોળી ઉમેદવારને ટિકિટ આપીને ખળભળાટ મચાવી દીધો છે અને જુનાગઢના જાહેર થયેલા સત્તાવાર ઉમેદવાર જશુભાઈ બારડને બદલે ઉનાના ધારાસભ્ય પુંજાભાઈ વંશને ટિકિટ આપતા જુનાગઢમાં પણ બે કોળી ઉમેદવાર વચ્ચે બરોબર જંગ જામશે.

કોંગ્રેસે સૌરાષ્ટ્રમાં અત્યાર સુધીમાં ૩ કોળી સમાજને ટિકિટ આપી હતી, પરંતુ વ્યુહરચનાના ભાગરૂપે વધુ એક ટિકિટ ફાળવી કોળી સમાજને પોતાની તરફ ખેંચવાનો પ્રયાસ કર્યો હોય તેવું દેખાઈ રહ્યું છે.

જુનાગઢમાં ભાજપે જશુભાઈ બારડ અને દિનુભાઈ બોઘા સોલંકીની વચ્ચે કોળી આગેવાન રાજેશ ચુડાસમાને ટિકિટ આપ્યા બાદ વિચારણા ચાલતી હતી કે કોંગ્રેસ પણ કઈક નવી જુની કરશે આજે અચાનક જાહેર થયેલા ૬ ઉમેદવારની યાદીમાં જુનાગઢમાંથી પુંજાભાઈ વંશને ટિકિટ આપવાનું જાહેર થયું છે.

પુંજાભાઈ વંશ કોળી સમાજના આગેવાન છે અને ઉનાના ધારાસભ્ય છે. બેથી ત્રણ વખત તેઓ ધારાસભ્ય તરીકે ચૂંટાઈ આવ્યા છે. કોળી આગેવાન સામે કોળી આગેવાન ટક્કર આપી શકશે તે હેતુથી સ્થાનિક કક્ષાએ મસલત કર્યા બાદ પુંજાભાઈ વંશને મેદાનમાં ઉતારવામાં આવ્યા છે. દરમ્યાન જશુભાઈ બારડે એક નિવેદનમાં કોંગ્રેસપક્ષ દ્વારા જુનાગઢ લોકસભાના ઉમેદવાર તરીકે પુંજાભાઈ વંશની પસંદગીને આવકારીને બહુમતિથી વિજયી બનાવવાનો નિર્ધાર સાથે, કોંગ્રેસપક્ષમાંથી પક્ષપલ્ટો કરીને પક્ષદ્રોહ પ્રજા દ્રોહ કરનાર લોકોને અસામાજિક તત્વો, નાણાંના જોરે ચૂંટણી જીતવાના મકસદમાં જુનાગઢ, ગીર સોમનાથ મતદારો ક્યારેય સફળ થવા દેશે નહીં તેવી આસા વ્યક્ત કરી હતી.

કલેકટર કચેરીમાં ઉમેદવારો અને સમર્થકોની ભારે ભીડ

આજે ગાંધીનગર બેઠક માટે ૮ ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી : આજ સુધીમાં ૯ ઉમેદવારો થયા

ગાંધીનગર, તા.૫

લોકસભાની ચૂંટણીમાં ઉમેદવારી પત્ર ભરવા માટે હવે ગણત્રીના દિવસો બાકી રહેતાં આજે કલેકટર ઓફીસમાં ઉમેદવારો અને સમર્થકોની ભારે ભીડ સતત છવાયેલી રહેવા પામી હતી. ગાંધીનગર સંસદીય મતવિસ્તાર માટે આજે ૮ ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવતાં હવે આ બેઠક પર કુલ નવ ઉમેદવારો નોંધાયા છે.

આજે સવારથી જ કલેકટર કચેરી ખાતે ભારે પોલીસ બંદોબસ્ત વચ્ચે રાજકીય ઉત્તેજના છવાયેલી હતી. સવારથી જ અપક્ષ ઉમેદવારો ઉમેદવારી નોંધાવવા માટે આવી પહોંચ્યા હતા.

(તસવીર : દિપક જાની)

વિશ્વ હિન્દુસ્તાન સંગઠનના શ્રી રવાજી જુહાજી ઠાકોર તેમના સમર્થકો સાથે રેલી રૂપે કલેકટર કચેરી ખાતે આવી પહોંચ્યા હતા. પીળો ખેસ ધારણ કરી તેઓ તેમના સમર્થકો સાથે આવ્યા હતા.

તેઓ ઉમેદવારી પત્ર ભરી નીકળ્યા કે તુરત જ ચંદ્રસિંહ ઠાકોર ઉમેદવારી નોંધાવવા તેમના સમર્થકો સાથે આવ્યા હતા. તેઓએ અપક્ષ ઉમેદવારી નોંધાવી હતી.

● અનુસંધાન પાન-૭ પર

લોકસભા માટે ૬૩ ઉમેદવારીપત્રો ભરાયા

વિધાનસભાની સાત બેઠકોની પેટા ચૂંટણી માટે ૨૦ ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી

ગાંધીનગર, તા. ૫

ગુજરાતમાં લોકસભાની સામાન્ય ચૂંટણી અને વિધાનસભાની સાત બેઠકો માટેની પેટા-ચૂંટણીમાં ઉમેદવારી પત્ર ભરવા માટે હવે બે દિવસ બાકી છે.

તા. ૬ એપ્રિલ અને ૮ એપ્રિલના રોજ જાહેર રજાના દિવસો છે જ્યારે ઉમેદવારીપત્ર ભરવાનો અંતિમ દિવસ ૯મી એપ્રિલ છે.

આજે ઉમેદવારી પત્ર ભરવા માટે રાજકીય પક્ષો અને અપક્ષ ઉમેદવારોએ ભારે ભીડ ચૂંટણી અધિકારીઓની કચેરીમાં લગાવી દીધી હતી.

લોકસભા માટે આજે ૬૩ ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી છે. જેમાં ભાજપના શ્રી લાલકૃષ્ણ અડવાણી, દેવુસિંહ ચૌહાણ, કોંગ્રેસના શ્રી નારણભાઈ રાઠવા, મધુસુદન મિસ્ત્રી, જોઈતાભાઈ પટેલનો સમાવેશ થાય છે. આ ઉપરાંત કૌશિક પટેલ, ચંપાબેન પટેલે પણ ડમી ઉમેદવારી તરીકે ઉમેદવારી નોંધાવી છે.

બસપા, જનતાદળ(યુ), આમ આદમી પાર્ટીના ઉમેદવારોએ પણ આજે તેમની ઉમેદવારી નોંધાવી છે.

વિધાનસભાની સાત બેઠકો માટેની પેટા ચૂંટણીમાં આજે ૨૦ ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી છે. જેમાં કોંગ્રેસના હર્ષદ રિબડિયા, ભાજપના શ્રી ભરત કેશુભાઈ પટેલ સહિતના આગેવાનોનો સમાવેશ થાય છે.

NEWS ન્યૂઝ

● **સોનાક્ષી સિંહા પિતાના પ્રચારમાં નહિ જાય**

પટણા સાહિબથી ચૂંટણી

લડી રહેલા શત્રુઘ્ન સિંહાના પ્રચારમાં પુત્રી સોનાક્ષી સિંહા નહી જાય. સોનાક્ષી સિંહાએ કહ્યું છે કે મારા પિતા પાસે તેમનો સ્ટાર પાવર છે, તેઓને મારા સ્ટાર પાવરની જરૂર નથી. થોડાક સમય પહેલા ભાજપના કાર્યકરોએ સોનાક્ષીનો સંપર્ક શત્રુઘ્ન સિંહાના પ્રચાર માટે કર્યો હતો. જો કે સોનાક્ષીએ આ વાતનો નમ્રતાપૂર્વક ઈન્કાર કર્યો હતો.

● **સસારામમાં ફોઈ-ભત્રીજી સામસામે**

સત્તાની લાલસા પરિવારમાં

ફૂટ પાડી દે છે અને લોહીનો સંબંધ બાજુ પર રહી જાય છે. બિહારના સસારામમાં આ વાત સાચી સાબિત થઈ રહી છે. આ બેઠક પર કોંગ્રેસના ઉમેદવાર લોકસભાના સ્પીકર મીરાકુમાર ચૂંટણી લડી રહ્યા છે. મીરાકુમાર સામે બસપાએ મેઘાવી કીર્તિને મેદાનમાં ઉતાર્યા છે. મેઘાવી મીરાકુમારના ભાઈ સુરેશ રામની દીકરી છે. અહી ફોઈ-ભત્રીજીની લડાઈ રસપ્રદ બની રહેશે.

● **મુંબઈમાં પૂનમ મહાજન સૌથી ધનિક ઉમેદવાર**

આગામી લોકસભાની ચૂંટણી

માટે મુંબઈ મતવિસ્તારના ઉમેદવારોએ પોતાના ઉમેદવારીપત્રકો ભર્યા છે. ઉમેદવારોએ ઉમેદવારીપત્રકમાં પોતાની સંપત્તિ પણ દર્શાવી છે. જેની વિગતો અનુસાર આમ આદમી પાર્ટીના ઉમેદવાર મેઘા પાટકર રૂ. ૨ લાખની સંપત્તિ સાથે સૌથી ગરીબ ઉમેદવાર છે જ્યારે રૂ. ૧૦૮ કરોડની સંપત્તિ સાથે ભાજપના ભૂતપૂર્વ નેતા પ્રમોદ મહાજનના પુત્રી પુનમ મહાજન સૌથી ધનિક ઉમેદવાર છે.

● **જયપુર ગ્રામ્ય બેઠક પર શૂટર રાજ્યવર્ધનનું નિશાન**

રાજસ્થાનના ચૂંટણી જંગમાં જયપુર ગ્રામીણ લોકસભાની બેઠક

પર રમતજગત સાથે સંકળાયેલા બે મહારથીઓ સામ સામે છે. ભાજપે અહીંથી ઓલમ્પિકસમાં સિલ્વર મેડલ જીતનારા શૂટર રાજ્યવર્ધન રાઠોડને ટીકીટ આપી છે તો સામે કોંગ્રેસમાંથી રાજસ્થાન ક્રિકેટર એસોસિએશનના પ્રમુખ અને કેન્દ્રીય પ્રધાન સી.પી. જોશી મેદાનમાં છે.

ટેનામેન્ટ વેચવાનું છે
ફુલ ફર્નિશ્ડ, કોર્નરનું, ટાઈટલ ક્લીયર, વ્યાજબી ભાવે વેચવાનું છે.
મૈત્રી એવન્યુ સોસાયટી, રાંધેજા, ગાંધીનગર-માણસા હાઈવે
મો. : ૯૯૦૯૯ ૯૯૦૬૦

કેરી માટે સરનામું નોંધી લેશો
૨૪ વર્ષથી અવિરત સર્વિસ, જુનાને જાણીતા
રહીમ ચાચા કેરીવાળા
તા. ૮/૪/૨૦૧૪ મંગળવારથી અમારી દુકાન શરૂ થાય છે.
સ્થળ : શુભલક્ષ્મી જ્વેલર્સની બાજુમાં, નવદીપ કિરાણા સ્ટોર્સની સામે, ડિસ્ટ્રીક્ટ શોપીંગ સેન્ટર, સેક્ટર-૨૧, ગાંધીનગર

WORLD BIG Cinemas
BARGAIN TUESDAY
All Movies. All Shows. All Day Long
SILVER CLASS ₹50 GOLD CLASS ₹70
Main Tera Hero (U/A) - 10.30 am, 1.30, 3.30, 4.30, 6.30, 7.30, 9.30 & 10.30 pm | Captain America The Winter Soldier (Hindi) (U/A) - 10.15 am, 1.00, 4.00, 7.00 & 10.00 pm
Youngistaan (U/A) - 12.30 pm
tele-booking 09377458281

કડી માં બંગલો વેચવાનો છે
કડી - છત્રાલ રોડ, ગાર્ડન વિલામાં
પ્લોટ 250 વાર, બાંધકામ 225 ચો.વાર, 4 BHK, બાલ્કની, 4 બાથરૂમ, ગેસ લાઈન, ગાડી પાર્કિંગ સગવડ સાથે
સંપર્ક : 079-26873669 - 9428606001

LED, LCD & Colour TV રીપેરીંગ
સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ
બ્લોક નં. ૩૧૬, ડબલ ડેકર, ચંદ્ર ફોટો સ્ટુડિયોની લાઈનમાં, બીજા માળે, સેક્ટર-૨૪, ગાંધીનગર
ફોન : ૨૩૨૮૭૧૧૫
મો. : ૯૭૧૪૧ ૯૮૩૬૬, ૯૪૨૬૨ ૭૭૪૮૧

સેલ... સેલ... સેલ... સેલ... સેલ...
બોમ્બેવાલા
હોલસેલરનો સેલ લેડીઝ વેરમાં
કુર્તી, ટી-શર્ટ, લેગીઝ, નાના બાળકોના કપડા, હેરમ, શોટી, શરગ, કેપરી, કારગો અને ઘણું બધું ફક્ત રૂ. ૫૦/- થી રૂ. ૨૫૦/- સુધી
રૂ. ૫૦૦ની ખરીદી ઉપર લેગીન્સ ફ્રી
ખાસ આકર્ષક ૨૦૦૦/-ની કુર્તી, અનારકલી અને વેસ્ટર્ન ફક્ત રૂ. ૩૦૦થી રૂ. ૫૦૦માં જ ● બધી સાઈઝોમાં ઉપલબ્ધ
ભારત કલા ઉત્સવ ઘ-૫, સે. ૧૬, ગાંધીનગર
પહેલી લાઈનમાં છેલ્લો સ્ટોલ